

સાહેબ, આ વખતે ચોમાસું નબળું જાય એવું લાગે છે. એ બાબતનો લાભ ઊઠાવી અર્થતંત્રની અસ્થિરતાનો મુદ્દો ઊઠાવી ચૂંટણીની તૈયારીઓમાં લાગી જવા જેવું છે.

# ભાષા ભવનમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યા ચિંતાનો વિષય બની

## ૭૦૦ પૈકીની ૨૫૦ બેઠકો ભરાશે : અનામત કેટેગરીના વિદ્યાર્થી શિષ્યવૃત્તિની ઉંચી રકમ મેળવવા રસ દાખવે છે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાને જોતા આગામી બે વર્ષમાં ભાષા ભવનને તાળા મારવા જેવી પરિસ્થિતિ સર્જાવવાની શક્યતા છે. જેનું વર્તમાન ઉદાહરણ છે કે ચાલુ વર્ષે ભાષાના વિવિધ વિષયોની ૭૦૦માંથી ૨૫૦ જ બેઠકો ભરાઇ છે. આશ્ચર્યની વાત એ છે કે આ ભરાયેલી બેઠકોમાંથી ૮૫ ટકા બેઠકો ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓથી ભરાઇ છે. પ્રાપ્ત વિગતો અનુસાર ગુજ. યુનિ.ના ભાષાભવનમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત ઉર્દૂ, પ્રાકૃત અને ભાષા વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. ભવન પાસે સાત વિષયની ૧૦૦ બેઠકો પ્રમાણે ૭૦૦ બેઠકો છે. જેમાંથી ચાલુ વર્ષે ૩૫૦ જેટલા ફોર્મ ભરાઇને આવ્યા છે. જેમાં ગુજરાતીમાં ૧૨૦ ફોર્મ, અંગ્રેજીમાં ૧૫૦ ફોર્મ, હિન્દી ૨૫ ફોર્મ અને ઉર્દૂ, પ્રાકૃત અને ભાષા વિજ્ઞાનમાં ગણતરીના ફોર્મ ભરાઇને આવ્યા છે. પરંતુ આમાંથી ફી ભરવા માટે ૨૫૦ની આસપાસ વિદ્યાર્થીઓ જ આવશે એટલે કે ૭૦૦ માંથી ફક્ત ૨૦૦ કે ૨૫૦ જ બેઠકો ભરાવવાની શક્યતા છે. આશ્ચર્યની વાત એ છે કે આ ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓમાં ૮૫ ટકા વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના છે અને એમાંથી અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ વધુ છે. આની પાછળનું કારણ એવું જાણવા મળ્યું હતું કે, નોકરીની તક ન હોવાથી શહેરના વિદ્યાર્થીઓ ઓછો રસ દાખવે છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ અને એમાંય અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ વધુ પ્રવેશ મેળવે છે. આની પાછળનું કારણ એ છે કે અનામતના વિદ્યાર્થીઓને પીએચડી થવા કેન્દ્ર સરકારની તગડી શિષ્યવૃત્તિ મળે છે. ફક્ત આજ લાભ લેવા અનામતના વિદ્યાર્થીઓ જોડાઇ રહ્યા છે. કેન્દ્ર સરકારે પણ અનામતના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં રાજીવ ગાંધી રિસર્ચ ફેલોશીપ હેઠળ મળતી શિષ્યવૃત્તિની રકમ ૨.૫૦ લાખથી વધારી ૫.૦૦ લાખ કરી હોવાથી રસ વધ્યો છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે ભાષાના કેટલાક વિષયોમાં તો અધ્યાપકો જેટલા વિદ્યાર્થીઓ છે. જેમ કે પ્રાકૃત વિષયમાં બે ટીચર ૩ વિદ્યાર્થી અને ભાષા વિજ્ઞાન વિષયમાં બે ટીચર એ વિદ્યાર્થી છે જ્યારે ઉર્દૂમાં ૧૫ વિદ્યાર્થી અને વિઝીટીંગ ટીચર છે. એટલે કે જરૂર નથી ત્યાં બિનજરૂરી અધ્યાપકોને રોકી મફત પગાર અપાઈ રહ્યો છે અને જરૂર છે ત્યાં અધ્યાપક નથી. ભાષાના વિવિધ વિષયો પૈકી દેશની રાષ્ટ્રભાષા હિન્દી અને પ્રાચીન ભાષા સંસ્કૃત વિષયની સ્થિતિ પણ દયનીય છે. જેનું સીધું ઉદાહરણ છે કે સંસ્કૃત પ્રત્યે બ્રાહ્મણોનો રસ ઓછો થતો જાય છે અને અન્ય જાતિના લોકોનો ફક્ત શીખવામાં રસ વધ્યો છે. હિન્દી અને સંસ્કૃત વિષયને ટકાવવા સરકારે પણ અસરકારક પગલા ભરવા જ પડશે.

## રાંધેજા હાઈસ્કુલનું ગૌરવ પુજા પટેલ

ગાંધીનગર, તા.૧૪

શ્રી જે.એસ. પટેલ વિદ્યામંદિર રાંધેજા ધોરણ-૧૧ની વિદ્યાર્થીની પુજા ભરતભાઈ પટેલ ખેલ મહાકુંભ અન્વયે યોજાયેલા મહેસાણા ખાતેના રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડમાં સી.પી. કેટેગરીમાં તાલુકા કક્ષાએ દ્વિતીય ક્રમે આવેલ છે. રૂા. ૩૦૦૦ નો પુરસ્કાર સરકારશ્રી તરફથી મળેલ છે. કોચ લખતરીયા વર્ષાબેને જહેમત ઉઠાવી છે.

## પાકિસ્તાન ટીમનું ભાવિ ખુબ ઉજ્વળ છે : મિસબાનો દાવો

લાહોર, તા.૧૪

પાકિસ્તાનના કેપ્ટન મિસબા ઉલ હકે આજે કહ્યું હતું કે પાકિસ્તાનનું ભાવિ ખુબ જ ઉજવળ છે. શ્રીલંકા સામેની શ્રેણીમાં હાલમાં પાકિસ્તાનની હાર થઈ હોવા છતા મિસબા આશાવાદી બનેલો છે. શ્રીલંકાના તેમના પ્રવાસમાં ટેસ્ટ અને વન-ડે શ્રેણી ગુમાવી દીધી હોવા છતા મિસબા માને છે કે પાકિસ્તાનની ટીમમાં નવા ઉભરતા ખેલાડીઓ સતત આવી રહ્ય છે જે નવી આશા જગાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન શ્રીલંકા સામેની શ્રેણી ગુમાવી દીધી છે. પાંચ વન-ડે મેચોની શ્રેણી પાકિસ્તાને ૩-૧થી ગુમાવી દીધી છે. જ્યારે ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી ૧-૦થી ગુમાવી દીધી છે. પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચેની શ્રેણી ગુરૂવારે પુરી થઈ હતી. જો કે બંને દેશો વચ્ચે બે મેચોની ટ્વેન્ટી-૨૦ મેચોની શ્રેણી ૧-૧થી બરોબર રહી હતી. પાકિસ્તાને વર્ષ ૨૦૧૦ના પ્રવાસમાં ઈંગ્લેન્ડ સામે હાર ખાધા બાદ પાકિસ્તાનની અવિરત સાત શ્રેણી જીતનો સીલસીલો પણ તુટ્યો હતો. ૨૦૧૦ના પ્રવાસમાં સ્પોટ ફિક્સીંગ અને વિવાદોના કારણે પાકિસ્તાની ટીમ મુશ્કેલીમાં મુકાઇ હતી અને તેની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો હતો. વર્ષ ૨૦૧૦માં ઈંગ્લેન્ડ સામે હાર ખાધા બાદથી ટીમનું નેતૃત્વ કરી રહેવા મિસબા ઉલ હકે શ્રીલંકાના પ્રવાસમાં હાર બદલ ઘણાં કારણો આપ્યા હતા. સ્વદેશ રવાના થતા પહેલા પત્રકારો સાથે વાતચીત કરતા મિસબાએ કહ્યું હતું કે વન-ડે અને ટેસ્ટ શ્રેણીમાં હાર ખુબ જ નિરાશાજનક છે. મિસબાએ એમ પણ કહ્યું હતું કે અમે વન-ડે શ્રેણી જીતી શક્યા હોત પરંતુ અમારી ફિલ્ડીંગ છેલ્લી બે મેચોમાં ખુબ નબળી રહી હતી. ટેસ્ટમાં હાર ખુબજ કમનસીબ હતી પરંતુ અઝહર અલી, અસાદ સાફીક, જુનેદ ખાન જેવા યુવા ખેલાડીઓ નવી આશા જગાવી રહ્યા છે. જે સાબિત કરે છે કે પાકિસ્તાનનું ભાવી ખુબ ઉજળુ છે.

## પીટરસનની ગુલાટ : વનડે, ટી-૨૦માં રમવા ઈચ્છુક છે

લંડન, તા.૧૪

આશરે એક મહિના અગાઉ વનડે અને ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરીને ક્રિકેટ ચાહકોને ચોંકાવી દેનાર સ્ટાર કેવિન પીટરસને હવે યુટર્ન લઈને વનડે અને ટી-૨૦માં વાપસી કરવાની તૈયારી બતાવી છે. પીટરસને કહ્યું છે કે તે ઈંગ્લેન્ડ માટે તમામ સ્વરૂપના ક્રિકેટમાં રમવા માટે તૈયાર છે. પીટરસને જાહેરાત કરી છે કે તે ક્રિકેટના તમામ સ્વરૂપમા આગામી ત્રણથી ચાર વર્ષ સુધી રમવા માટે ઈચ્છુક છે. એવું જાણવા મળ્યું છે કે પીટરસનના પ્રતિનિધિઓ આ સપ્તાહમાં ઈસીબીને મળી ચુક્યા છે. કારણ કે પસંદગીકારો વર્લ્ડકપ માટે ૩૦ સભ્યોની ટીમની પસંદગી ટૂંક સમયમાં જ કરનાર છે. કારણ કે આ યાદી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદને સોંપવી પડશે. પીટરસને છ સપ્તાહ અગાઉ વનડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. હવે પીટરસને સ્પષ્ટતા કરી છે કે તે ટ્વેન્ટી-૨૦ ક્રિકેટમાં રમવા માટે આશાવાદી છે. જો કે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની શરતોને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. આફ્રિકામાં જન્મેલો આ ઈંગ્લિશ ક્રિકેટર ટોંચના સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરી રહ્યો છે.

# 'પિક્ચર અભિ બાકી હૈ મેરે દોસ્ત' ના કલાકારો અમદાવાદની મુલાકાતે

## યશ ઈવેન્ટસ એન્ડ એન્ટરટેઈન્ટમેન્ટ દ્વારા આયોજિત એક ઈવેન્ટ અંતર્ગત સુનિલ શેટ્ટી, શાવર અલી, મુમેથ ખાન અને ડિરેક્ટર રજનિશ રાજ ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા



અમદાવાદ, તા.૧૪

ઘણા સમય બાદ ફરી એકવાર બોલિવુડનો જાણીતો એક્શન હીરો અને કોમીક સ્ટાર સુનિલ શેટ્ટી લીડ રોલ સાથે ફિલ્મ 'પિક્ચર અભિ બાકી હૈ મેરે દોસ્ત'થી કમબેક કરી રહ્યો છે ત્યારે આ ફિલ્મના "મોશન માટે આજે આ ફિલ્મના કલાકારો યશ ઈવેન્ટસ એન્ડ એન્ટરટેઈન્ટમેન્ટ દ્વારા આયોજિત એક ઈવેન્ટ અંતર્ગત અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. ત્યારે અભિનેતા સુનિલ શેટ્ટી, આઈટમ ગર્લ અને અભિનેત્રી મુમેથ ખાન,શાવર અલી તથા ફિલ્મના ડિરેક્ટર રજનિશ રાજ ઠાકુર શહેરમાં આવ્યા બાદ સૌ "થમ સી.જી.રોડ ખાતેના રાજેશ સાડી શો રૂમ ખાતે ગયા હતા.જ્યાં તેઓએ પત્રકારો સાથે આ ફિલ્મ અંગે અને અમદાવાદ તથા ગુજરાત વિશે વાતચીત કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ડી.જે.યશે કલાકારોનું સ્વાગત કર્યું હતું.જ્યારે "સ કોન્ફરન્સનું આયોજન ગુજરાતની જાણીતી પબ્લીક રિલેશન કંપની સ્ટ્રેટેજીક મીડિયા સર્વીસ દ્વારા કરવામા આવ્યું હતું.

સુનિલ શેટ્ટીએ પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં પહેલાના સમય કરતા દરેક ક્ષેત્રે ઘણો વિકાસ થયો છે,પછી ભલે એન્ટરટેઈન્ટમેન્ટ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી કેમ ન હોય.ખાસ કરીને આ ક્ષેત્રે પણ ઘણું ડેવલપમેન્ટ જોવા મળ્યું છે અને લોકો પણ હવે વધુ અવેર થવા સાથે પોતાની માનસિકતા અને પસંદગી બદલતા થયા છે.હું આમ તો અમદાવાદ પહેલા પણ આવ્યો છું પરંતુ ઘણા સમય પછી આજે ફરીથી આવ્યો છું.મને અહીં આવીને અને અહીંના લોકોનો ફિલ્મ અને કલાકારો "ત્યેનો રસ અને ઉમંગ જોઈને ઘણો આનંદ થાય છે.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે હવે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નવા કન્સેપ્ટ અને સ્ટોરીઝ સાથે નવા ટેલેન્ટ બહાર આવી રહ્યા છે.હું પણ મોકો મળશે તો ગુજરાતી ફિલ્મમાં જરૂર કામ કરીશ.મને ગુજરાતી વાનગીઓ ખૂબ જ પસંદ છે.

'પિક્ચર અભિ બાકી હૈ મેરે દોસ્ત' ફિલ્મ અંગે ડિરેક્ટર રજનિશ રાજ ઠાકુરે જણાવ્યું હતું કે આ ફિલ્મ બોલિવુડની અત્યાર સુધીની ફિલ્મો કરતા સાવ અલગ છે.આ ફિલ્મમાં સપનાની નગરી એવી મુંબઈમાં આવેલી દુનિયાની સૌથી મોટી અને અનેક સપનાઓથી ભરપૂર એવી આપણી બોલિવુડ ઈન્ડસ્ટ્રીની વાસ્તવીકતા દર્શાવવામા આવી છે.અમને વિશ્વાસ છે કે કોમેડી સાથે અને એક નવા જ કન્સેપ્ટ તથા સ્ટોરી સાથે આ ફિલ્મ દર્શકોને જરૂર ગમશે.

અભિનેત્રી મુમેથ ખાને જણાવ્યું હતું કે આજે દરેક ફિલ્મમાં આઈટસ સોંગ એક જરૂરીયાત બની ગઈ છે અને હવે તો સ્ટાર અભિનેત્રીઓ પણ ફિલ્મોમાં આઈટમ સોંગ કરવાનું પસંદ કરે છે ત્યારે આ ફિલ્મમાં મેં કરેલ આઈટમ સોંગ પણ હીટ સાબીત થશે અને લોકો તેને પસંદ કરશે.

### ગુજરાતી ફિલ્મોના નવા ટ્રેન્ડથી હું "ભાવિત થયો છું અને ચાન્સ મળશે તો જરૂર ગુજરાતી ફિલ્મમાં કામ કરીશ : સુનિલ શેટ્ટી

## ઉઘડતે પડદે


- ધ્વનિલ પારેખ

### અવધૂ કવિ આનંદઘન પર આધારિત નાટક 'અપૂરવ ખેલા'

કવિનું જીવન-કવન એ નાટ્ય દિગ્દર્શક મનોજ શાહ માટે નાટકનો ગમતો વિષય બનતો આવ્યો છે. 'મરીઝ', 'અપૂર્વ અવસર' (શ્રીમદ્ રાજચંદ્ર), 'જલ જલ મરે પતંગ' (મણિલાલા નાનુભાઈ) વગેરે મનોજ શાહ દિગ્દર્શિત નાટકોમાં કવિના સમગ્ર વ્યક્તિત્વને તખ્તા ઉપર જીવંત કરવાના પ્રયત્નો થયા છે અને આવો જ એક પ્રયત્ન એટલે મધ્યકાલીન અવધૂ આનંદઘન પર આધારિત નાટક 'અપૂરવ ખેલા'.

નાટકના સૂત્રધાર અને આનંદઘનની બેવડી ભૂમિકા એક જ કલાકાર (અશોક પરમાર) ભજવે છે. પ્રારંભે જ સૂત્રધાર સ્પષ્ટ કરે છે કે આનંદઘનનું અધિકૃત એવું કોઈ જીવન ચરિત્ર ઉપલબ્ધ નથી એટલે કિંવદંતીઓને આધારે આનંદઘનની અખિલાઈ પામવાનો અહીં પ્રયત્ન પાત્રો દ્વારા થોડી થોડી વારે 'આનંદો... આનંદો...'ના પોકાર મંચ પરથી કે સભાગૃહમાંથી કરવામાં આવે છે, પણ એમ પોકાર કરવાથી નાટક જોવાનો આનંદ પ્રગટતો નથી!

આનંદઘનનું પાત્ર ભજવનાર કલાકારની ભંગિમા શરૂઆતમાં સારી લાગે છે પણ સતત એનું પુનરાવર્તન - શરીરને એક આંચકો આપીને વિવિધ ભંગિમા પ્રગટ કરવી - પછી અસરકારક રહેતી નથી. મંચ પર અપ સ્ટેજ પર સફેદ પડદો છે અને એના ઉપર વૃક્ષ ચીતરેલું છે. એની આગળ ત્રણ જુદાં જુદાં લેવલ્સ છે. પાત્ર મંચના કેન્દ્રમાં હોય અને અપલાઈટ દ્વારા રજૂ થતી વાણીની તીવ્રતા ક્યારેક સ્પર્શી જાય છે અને ત્યાં પ્રકાશ આયોજન સરાહનીય છે. પણ અવધૂ આનંદઘન મંચના આગળના ભાગે મસ્તીમાં ઝૂમતાં હોય, પદ ગાતાં



છે. આનંદઘન સાથે સંકળાયેલા પ્રસંગોની ત્યારબાદ રજૂઆત (નહીં કે ભજવણી) થતી જાય છે. સંઘપતિ નેમિચંદ શેઠ દ્વારા અપાતો જાકારો, રતનસિંહને ત્યાં લોખંડનું સુવર્ણમાં થતું પરિવર્તન, મુનિ યશોધર્મવિજયજી સાથેની મુલાકાત, રાજરાણીને અપાતાં તાવીજનો પ્રસંગ - આ બધી ઘટનાઓમાંથી આનંદઘનનું અવધૂ તરીકેનું વ્યક્તિત્વ ઓછું પ્રગટ થાય છે અને એ કોઈ ચમત્કારી સંત છે, બાવો છે એવું વ્યક્તિત્વ વધુ પ્રગટ થાય છે.

નાટ્યલેખક ધનવંત શાહે આ બધી ઘટનાઓ કિંવદંતીઓને આધારે નાટકમાં વણી લીધી હશે અને એ દ્વારા એક ચરિત્ર ઊભું કરવાનો યત્ન અહીં જોવા મળે છે પણ અહીં એમાંથી નાટક બનતું નથી. નાટકનું કામ ઉપદેશ આપવા બેસવાનું નથી. નાટકના અંતે 'જેણે આત્મને ઓળખ્યો એણે સહુને ઓળખ્યા અને જેણે સહુને ઓળખ્યા એણે આત્માને ઓળખ્યો' - ઉપદેશ અને સાંપ્રત સમય સાથે એનું તાણીતૂંસીને કરવામાં આવતું અનુસંધાન નાટકને ઉપકારક બનતું નથી. નાટકના અંતે ચેતન નામના યુવકની વાત રજૂ થઈ છે. આ ચેતન વિવેક અને વિશ્વાસ નામના બે મિત્રોને ખોઈ નાખવાથી કેવી સ્થિતિએ પહોંચે છે, એની વાત છે. આ દશ્ય પણ નાટકમાં શું કામ? હોય એને પાછળનો ભાગ લાલ, લીલા, ભૂરા રંગમાં ફેરવાતો જાય એ કંઈ બહુ સમજાતું નથી. પાત્રની ભંગિમા અંધકારમાં રજૂ થાય અને સફેદ પડદા પર બદલાતા રંગો દ્વારા શું નિષ્પન્ન કરવું એ ખ્યાલ આવતો નથી. અપૂરવ ખેલામાંથી નથી તો અવધૂ કવિ આનંદઘનનું વ્યક્તિત્વ પ્રગટ થતું કે નથી તો નાટકનો અનુભવ થતો. ઘટના, પ્રસંગોની ગૂંથણીમાં પણ કોઈ સુરેખતાનો અનુભવ થતો નથી. આ નાટકનું સૌથી મોટું જમા પાસું હોય તો એ ઉદય મજુમદારનું સંગીત છે. આનંદઘનનાં પદ સમગ્ર નાટકમાં વ્યાપ્ત છે અને એ જ આ નાટકનું મોટું ચાલકબળ બની રહે છે.

એ કથી વધુ ભૂમિકાઓ કલાકારો અહીં ભજવે છે. આનંદઘન ઉપરાંત અન્ય ચાર કલાકારો નાટકમાં જુદી જુદી ભૂમિકાઓ - રાજા, રાજવૈદ્ય, યશોવિજયજી, રતનસિંહ, નેમિચંદ શેઠ, નેમિચંદ શેઠનો દીકરો વગેરે ભૂમિકાઓ અસરકારક રીતે ભજવે છે. અભિનય અસરકારક હોય પણ મૂળે વાત ન પકડાતી હોય ત્યારે અસરકારક અભિનય પણ વેડફાતો લાગે! ઉત્તમ સંગીત પણ અહીં બ્લૅક આઉટમાં વાગતું હોય ત્યારે અસર ઊભી કરી શકતું નથી. ટૂંકમાં, અપૂરવ ખેલા જોયા પછી એટલું જ કહેવું પડે, નહીં! અપૂરવ, નહીં ખેલાં!

# કલરવ દ્વારા અનોખો સાહસ વર્ણન કાર્યક્રમ યોજાયો

'સર, તમે ઍવરેસ્ટ પરથી નીચે ઊતર્યા ત્યારે તમારો ચહેરો નીચેની તરફ રાખીને ઊતર્યા હતા કે ઉપરની તરફ?'

'સર, તમારા ઑક્સિજન સિલીન્ડરમાં ઑક્સિજન ખૂટી જાય તો તમે શું કરો?'

'સર, પહાડ ચડતી વખતે તમે તમારા હાથમાં સ્ટીક શું કામ રાખી હતી? એનો શું ઉપયોગ?'

'તમે લોકો પંદર જણ ઍવરેસ્ટ ચડવા ગયા હતા, એ પાછા બધા જ આવ્યા?'

આવા અનેક સવાલો બાળકો દ્વારા પૂછવામાં આવ્યા અને એ બધા જ સવાલોના સમજૂતીપૂર્વકના જવાબો શાંતિપૂર્ણ રીતે જવાબો આપનારે આપ્યા પણ ખરા.

સવાલો પૂછનારા હતા કલરવ સંસ્થાના સભ્ય બાળકો અને જવાબ આપનાર હતા રાજ્યમાં ફરજરત આઈપીઍસ અધિકારી અતુલ કરવલ.

કલરવ સંસ્થા દ્વારા શનિવારે સાંજે પોતાનાં સભ્ય બાળકો માટે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે કરવામાં આવ્યું હતું. ઍવરેસ્ટ સર કરનાર પોલીસ અધિકારી અતુલ કરવલે પોતાના આ સાહસયાત્રાની સમગ્ર વાત બાળકો સમક્ષ સચિત્ર રજૂ કરી અને બાળકોએ પૂછેલા પ્રશ્નોના જવાબો પણ આપ્યા.

એક નવી જ તરાહના આ કાર્યક્રમમાં બાળકોએ ખૂબ રસ લીધો. બાળકો તો ઠીક, પણ મોટાઓનેય મજા પડી જાય એવો આ કાર્યક્રમ હતો.

સ્ટેજ પર રાખેલા સ્ક્રીન પર પ્રૉજેક્ટર દ્વારા એક પછી એક ફોટોગ્રાફ્સ આવ્યે જતા હતા અને બાજુમાં ઊભેલા અતુલ કરવલ દ્વારા એ ફોટાની રસપ્રદ વિગતો આપવામાં આવતી હતી.

પર્વત ચઢાણ માટે શું તૈયારી કરવી? કેવાં વસ્ત્રો, કેવાં સાધનો, કેવો ખોરાક, કેવી શારીરીક સજ્જતા, માનસિક તૈયારી અને એ પછી પણ સતત પ્રૅક્ટીસ કર્યા પછી શરીર અનુકૂળ થાય પછી નિયત ધોરણો જાળવીને જ શિખર સર કરી શકાય, ઍવરેસ્ટના માર્ગમાં વિવિધ પડાવ ક્યાં, એની ઊંચાઈ કેટલી, જોખમ શું વગેરે જેવી વિસ્તૃત માહિતી અતુલ કરવલ દ્વારા આપવામાં આવી હતી.

### દરેકને પોતાનો એક ઍવરેસ્ટ હોવો જોઈએ

કલરવ દ્વારા આયોજિત સાહસ વર્ણન કાર્યક્રમનું સૌથી વખાણવાલાયક પાસું હોય તો તે પોતાના અનુભવ વર્ણન પછી અતુલ કરવલે બાળકોને આપેલી શીખ, જે માટે એમને દિલથી સલામ.

શીખ આ હતી : 'મારી મહત્ત્વાકાંક્ષામાં જે ઍવરેસ્ટ હતો તે મેં સર કર્યો. અને હવે હું તમને કહું છું કે દરેક વ્યક્તિમાં પોતાનો એક ઍવરેસ્ટ હોવો જોઈએ, પોતાની એક મહત્ત્વાકાંક્ષા હોવી જોઈએ. એ પહાડ ચડવાની પણ હોઈ શકે અથવા તો પોતાને મનગમતી કોઈ સિદ્ધિ મેળવવાની. એ સિદ્ધિ મેળવવાનું સ્વપ્ન દરેકે પોતાના મનમાં રાખવું જોઈએ અને સિદ્ધિ ન મળે ત્યાં સુધી ચૅનનો શ્વાસ ન લેવો જોઈએ.'





## પ્રતિબિંબ

- કુંતલ નિમાવત

આ કાર્યક્રમ બાળકોનો છે અને એમના જ્ઞાનમાં, માહિતીમાં, સમજમાં વધારો કરવા માટેનો છે એ બાબતનું પણ અતુલ કરવલે બરાબર ધ્યાન રાખ્યું હતું અને એટલે જ એ વચ્ચે વચ્ચે અટકીને સુસંગત પ્રશ્નો પણ બાળકોને પૂછતા જતા હતા ને બાળકોને જવાબો આપવા પ્રેરતા હતા.

એકદમ રસપ્રદ ઢબે વાત કહેવાની એમની શૈલી અને માહિતીસભર વાતથી સૌ પ્રભાવિત થયા હતા. એટલા પ્રેમથી અને સજ્જનતાથી એમણે બાળકો સાથે વાત કરી કે જો શરૂઆતમાં એમના નામની જાહેરાત ન કરવામાં આવી હોત તો નિશ્ચિતપણે એ કોઈ સજ્જ શિક્ષક છે એવું સાંભળનારના મનમાં પ્રસ્થાપિત થઈ જાત. ફોટોગ્રાફ ઉપરાંત આ સાહસ યાત્રાની વિડીયો પણ તેમણે દર્શાવી હતી.

'તમે જો એમ માનતા હોવ કે શારીરિક સક્ષમતા જ ઍવરેસ્ટ સર કરવા માગતા લોકો માટે જરૂરી છે તો હું તમને કહું છું કે એ માન્યતા ખોટી છે' એમ કહી અતુલ કરવલે દુનિયાના એવા લોકોના ફોટોગ્રાફ દર્શાવ્યા હતા કે જેમણે પોતાની શારીરિક મર્યાદાઓ હોવા છતાં કાં તો ઍવરેસ્ટ સર કર્યો હતો કાં તો દુનિયામાં અદ્વિતિય સાહસ કરીને સિદ્ધિ મેળવી હતી. આ બધાં ઉદાહરણો પણ માનવમાત્ર માટે પ્રેરણાદાયી હતાં.

બાળકો આ આખીય સાહસ યાત્રામાં એટલાં ઓતપ્રોત થઈ ગયાં હતાં કે યાત્રાની ચરમસીમાએ ઍવરેસ્ટ શિખર પર હાથમાં ભારતનો રાષ્ટ્રધ્વજ લઈને ઊભેલા અતુલ કરવલનો ફોટોગ્રાફ સ્ક્રીન પર દેખાયો કે સૌએ તેમને તાળીઓથી વધાવી લીધા હતા. પોતાની સાથે ગુજરાત પોલીસનો ધ્વજ પણ અતુલ કરવલ લઈ ગયા હતા જે તેમણે ઍવરેસ્ટ સર કરી પોતાના હાથમાં દર્શાવ્યો હતો, એ તસવીરને પણ બાળકોએ તાળીઓથી વધાવી લીધી હતી.

પોતાની અનુભવ વાણી પછી અતુલ કરવલે બાળકોને પ્રશ્નો પૂછવા આમંત્રણ આપ્યું હતું અને બાળકોએ પૂછેલા સઘળા પ્રશ્નોના જવાબ તેમણે અત્યંત ધીરજ ને શાંતિપૂર્વક આપ્યા હતા. એક જ બાબતના સવાલ અલગ અલગ બાળક દ્વારા અલગ અલગ રીતે પૂછાયા હોય એવું પણ થયું હતું પરંતુ તેમ છતાં જરાય વિચલીત થયા વિના તેમણે બાળકોની જિજ્ઞાસાને સંતોષી હતી અને પોતાની તથા કાર્યક્રમની ગરિમા જાળવી હતી.

અંતે, સૌ બાળકો સાથે સમૂહ ફોટો પણ તેમણે લેવડાવ્યો હતો અને બાળકોને ખુશખુશાલ કરી દીધા હતા.

કાર્યક્રમના આરંભે અતુલ કરવલનું સ્વાગત સંસ્થાના પ્રમુખ કમલ કિશોર જૈન દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતે આભાર દર્શન જયશ્રી ખેતીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા આશાબેન સરવૈયા, ભાવેશ એરડા, અનિલ જૈન તથા મનોજ શુક્લએ જહેમત ઊઠાવી હતી. કાર્યક્રમ નિઃશંક સારો હતો અને પ્રેરણાદાયી પણ. પરંતુ, માત્ર બાળકોને જ હૉલમાં બેસવા દેવામાં આવે, એમના વાલીઓને નહીં એવો સંચાલકોનો આગ્રહ સમજાયો નહીં. કારણો હશે, પણ નિવારણેય હશે જ.

## આઈપીએસ અધિકારી અતુલ કરવલે પોતાના એવરેસ્ટ આરોહણની વાતોથી બાળકોને રસતરબોળ કર્યા